सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| કેસ દાખલ તારીખ | ૧૧/૦૬/૨૦૧૮ | | |
| કેસ નોંધણી તારીખ | ૧૧/૦૬/૨૦૧૮ | | |
| કેસ ફેંસલ તારીખ | ૩૦/૧૧/૨૦૨૨ | | |
| સમય ગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | | |

**ભરૂચના એડીશનલ ડિસ્ટ્રીકટ જજ સાહેબની કોર્ટમાં, મુકામ : ભરૂચ**

**<u>સીવીલ પરચુરણ (રીવ્યુ) અરજી નંબર : ૧/૨૦૧૮ થી ૩૫/૨૦૧૮</u>**

**<u>સીવીલ પરચુ.અરજી નં. ૧/૨૦૧૮</u>**

અરજદાર :– ઉંમરજી મહંમદવલી
રહે. રોઝા ટંકારીયા, તા.આમોદ

**<u>સીવીલ પરચુ.અરજી નં. ૨/૨૦૧૮</u>**

અરજદાર :– (૧) રૂખીબેન હિંમતભાઈ અમરસંગ
(૨) રમણભાઈ હિંમતભાઈ અમરસંગ
(૩) શનુભાઈ હિંમતભાઈ અમરસંગ
(૪) ચંદુભાઈ હિંમતભાઈ અમરસંગ
તમામ રહે. રોઝા ટંકારીયા, તા.આમોદ, જી. ભરૂચ

**<u>સીવીલ પરચુ.અરજી નં. ૩/૨૦૧૮</u>**

અરજદાર :– (૧) માલીબેન છીતુભાઈ
(૨) ભીખીબેન છીતુભાઈ
(૩) ડાહયાભાઈ છીતુભાઈ
(૪) નારસંગભાઈ છીતુભાઈ
તમામ રહે. રોઝા ટંકારીયા, તા.આમોદ, જી. ભરૂચ

**<u>સીવીલ પરચુ.અરજી નં. ૪/૨૦૧૮</u>**

અરજદાર :– (૧) શાંતાબેન સોમાભાઈ
(૨) સવિતાબેન સોમાભાઈ

(૩) મોંઘીબેન સુરસંગભાઈ
(૪) કચરાભાઈ સુરસંગભાઈ
તમામ રહે. રોઝા ટંકારીયા, તા.આમોદ, જી. ભરૂચ

**સીવીલ પરચુ.અરજી નં. ૫/૨૦૧૮**

અરજદાર :– મોહનભાઈ દયાળભાઈ
રહે. રોઝા ટંકારીયા, તા.આમોદ, જી. ભરૂચ

**સીવીલ પરચુ.અરજી નં. ૬/૨૦૧૮**

અરજદાર :– (૧) નાનીબેન દયાળભાઈ માધવ
(૨) નગીનભાઈ દયાળભાઈ માધવ
(૩) ડાહયાભાઈ દયાળભાઈ માધવ
(૪) મણીબેન દયાળભાઈ માધવ
તમામ રહે. રોઝા ટંકારીયા, તા.આમોદ, જી. ભરૂચ

**સીવીલ પરચુ.અરજી નં. ૭/૨૦૧૮**

અરજદાર :– (૧) અહમદ આદમ ઉંમરજી
(૨) ઈબ્રાહીમ આદમ ઉંમરજી
(૩) સુલેમાન આદમ ઉંમરજી
તમામ રહે. રોઝા ટંકારીયા, તા.આમોદ, જી. ભરૂચ

**સીવીલ પરચુ.અરજી નં. ૮/૨૦૧૮**

અરજદાર :– (૧) ઈશ્વરભાઈ રામજીભાઈ પ્રજાપતિ
(૨) પરસોત્તમભાઈ રામજીભાઈ પ્રજાપતિ
તમામ રહે. રોઝા ટંકારીયા, તા.આમોદ, જી. ભરૂચ

**સીવીલ પરચુ.અરજી નં. ૯/૨૦૧૮**

અરજદાર :– સુલેમાન આદમ ઉંમરજી
રહે. રોઝા ટંકારીયા, તા.આમોદ, જી. ભરૂચ

**સીવીલ પરચુ.અરજી નં. ૧૦/૨૦૧૮**

અરજદાર :– (૧) ગોપાળભાઈ પુનાભાઈ
(૨) ધનીબેન મેલાભાઈ
(૩) મણીબેન સોમાભાઈ

તમામ રહે. રોઝા ટંકારીયા, તા.આમોદ, જી. ભરૂચ

**<u>સીવીલ પરચુ.અરજી નં.૧૧/૨૦૧૮</u>**

અરજદાર :– (૧) શાંતાબેન રણછોડભાઈ
(૨) અરવિંદભાઈ રણછોડભાઈ
(૩) બાબુભાઈ રણછોડભાઈ
તમામ રહે. રોઝા ટંકારીયા, તા.આમોદ,જી. ભરૂચ

**<u>સીવીલ પરચુ. અરજી નં.૧૨/૨૦૧૮</u>**

અરજદાર :– (૧) ઐયુબ મહંમદ અસ્માલ
(૨) હસન મહંમદ અસ્માલ
(૩) ઈબ્રાહીમ મહંમદ અસ્માલ
(૪) ઈશાક મહંમદ અસ્માલ
તમામ રહે. રોઝા ટંકારીયા, તા.આમોદ,જી. ભરૂચ.

**<u>સીવીલ પરચુ. અરજી નં.૧૩/૨૦૧૮</u>**

અરજદાર :– (૧) સુલેમાન મહંમદ દાઉદ
(૨) હાફેઝ અબ્દુલ્લા મહંમદ
તમામ રહે. રોઝા ટંકારીયા, તા.આમોદ,જી. ભરૂચ.

**<u>સીવીલ પરચુ. અરજી નં.૧૪/૨૦૧૮</u>**

અરજદાર :– (૧) ચતુરભાઈ તમજીભાઈ
(૨) ગોવિંદભાઈ તમજીભાઈ
તમામ રહે. રોઝા ટંકારીયા, તા.આમોદ,જી. ભરૂચ.

**<u>સીવીલ પરચુ. અરજી નં.૧૫/૨૦૧૮</u>**

અરજદાર :– (૧) મુસા દાઉદ અબ્રામ
(૨) ઝુબેદા વલી દાઉદ
(૩) નુરજહાં દાઉદ
(૪) મહંમદ હનીફ વલી દાઉદ
(૫) મુબારક વલી દાઉદ
(૬) મહંમદ દાઉદ અબ્રામ
તમામ રહે. રોઝા ટંકારીયા, તા.આમોદ,જી. ભરૂચ.

**<u>સીવીલ પરચુ. અરજી નં.૧૬/૨૦૧૮</u>**

અરજદાર :– (૧) બીબીબેન અબ્દુલ્લા

(૨) શબ્બીર અબ્દુલ્લા
(૩) મહેરૂન અબ્દુલ્લા
(૪) હનીફ અબ્દુલ્લા
(૫) શરીફા અબ્દુલ્લા
(૬) શહેનાઝ અબ્દુલ્લા
તમામ રહે. રોઝા ટંકારીયા, તા.આમોદ,જી. ભરૂચ.

**<u>સીવીલ પરચુ. અરજી નં.૧૭/૨૦૧૮</u>**

અરજદાર :– (૧) ભગુભાઈ મહીજીભાઈ
(૨) મોહનભાઈ મહીજીભાઈ
(૩) ગોવિંદભાઈ મહીજીભાઈ
(૪) ગુમાનભાઈ મહીજીભાઈ
તમામ રહે. રોઝા ટંકારીયા, તા.આમોદ,જી. ભરૂચ.

**<u>સીવીલ પરચુ. અરજી નં.૧૮/૨૦૧૮</u>**

અરજદાર :– અહમદ અસ્માલ બગસ
રહે. રોઝા ટંકારીયા, તા.આમોદ,જી. ભરૂચ.

**<u>સીવીલ પરચુ. અરજી નં.૧૯/૨૦૧૮</u>**

અરજદાર :– આદમ અસ્માલ બગસ
રહે. રોઝા ટંકારીયા, તા.આમોદ,જી. ભરૂચ.

**<u>સીવીલ પરચુ. અરજી નં.૨૦/૨૦૧૮</u>**

અરજદાર :– આયશાબેન અસ્માલ બગસ
રહે. રોઝા ટંકારીયા, તા.આમોદ,જી. ભરૂચ.

**<u>સીવીલ પરચુ. અરજી નં.૨૧/૨૦૧૮</u>**

અરજદાર :– ઉસ્માનગની આદમ ઈસ્માઈલ
રહે. રોઝા ટંકારીયા, તા.આમોદ,જી. ભરૂચ.

**<u>સીવીલ પરચુ. અરજી નં.૨૨/૨૦૧૮</u>**

અરજદાર :– માલતીબેન મોહનભાઈ
રહે. રોઝા ટંકારીયા, તા.આમોદ,જી. ભરૂચ.

**<u>સીવીલ પરચુ. અરજી નં.૨૩/૨૦૧૮</u>**

અરજદાર :– (૧) ઝુલેખાબેન દાઉદ મુસા
(૨) હુરીબેન દાઉદ મુસા
(૩) અમીનાબેન દાઉદ મુસા
(૪) રાબીયાબેન દાઉદ મુસા
(૫) નજમાબેન દાઉદ મુસા
તમામ રહે. રોઝા ટંકારીયા, તા.આમોદ,જી. ભરૂચ.

**<u>સીવીલ પરચુ. અરજી નં.૨૪/૨૦૧૮</u>**

અરજદાર :– ચંદુભાઈ ભીખાભાઈ બારીયા,
રહે. રોઝા ટંકારીયા, તા.આમોદ,જી. ભરૂચ.

**<u>સીવીલ પરચુ. અરજી નં.૨૫/૨૦૧૮</u>**

અરજદાર :– (૧) એહમદભાઈ ઈબ્રાહીમ
(૨) મહંમદભાઈ ઈબ્રાહીમ
તમામ રહે. રોઝા ટંકારીયા, તા.આમોદ,જી. ભરૂચ.

**<u>સીવીલ પરચુ. અરજી નં.૨૬/૨૦૧૮</u>**

અરજદાર :– ઈબ્રાહીમ ઈસપ વલી બાપુ
રહે. રોઝા ટંકારીયા, તા.આમોદ,જી. ભરૂચ.

**<u>સીવીલ પરચુ. અરજી નં.૨૭/૨૦૧૮</u>**

અરજદાર :– (૧) ફાતમાબેન અહમદ ઈસપની વિધવા
(૨) ઉસ્માનગતી અહમદ ઈસપ
તમામ રહે. રોઝા ટંકારીયા, તા.આમોદ,જી. ભરૂચ.

**<u>સીવીલ પરચુ. અરજી નં.૨૮/૨૦૧૮</u>**

અરજદાર :– (૧) મહંમદ ઈરફાન દાઉદ કાળા
(૨) પટેલ મુસ્તાક એહમદ દાઉદ કાળા
(૩) પટેલ અમીનાબેન ઈસ્માઈલ દાઉદ કાળા
તમામ રહે. રોઝા ટંકારીયા, તા.આમોદ,જી. ભરૂચ.

**<u>સીવીલ પરચુ. અરજી નં.૨૯/૨૦૧૮</u>**

અરજદાર :– સલીમ મહંમદ હસન વલી,

(મસ્જીદ તથા મદ્રસાના વહીવટકર્તા)
રહે. રોઝા ટંકારીયા, તા.આમોદ,જી. ભરૂચ.

**<u>સીવીલ પરચુ. અરજી નં.૩૦/૨૦૧૮</u>**

અરજદાર :– (૧) સલીમ એહમદ હસન વલ્લી
(૨) હસન ઈબ્રાહીમ પટેલ
તમામ રહે. રોઝા ટંકારીયા, તા.આમોદ,જી. ભરૂચ.

**<u>સીવીલ પરચુ. અરજી નં.૩૧/૨૦૧૮</u>**

અરજદાર :– (૧) આયશાબેન ઈબ્રાહીમ ઈસપ
(૨) અમુલભાઈ ઈબ્રાહીમ ઈસપ
(૩) હસનભાઈ ઈબ્રાહીમ ઈસપ
(૪) ઈસ્માઈલભાઈ ઈબ્રાહીમ ઈસપ
તમામ રહે. રોઝા ટંકારીયા, તા.આમોદ,જી. ભરૂચ.

**<u>સીવીલ પરચુ. અરજી નં.૩૨/૨૦૧૮</u>**

અરજદાર :– ડાહયાભાઈ નરસિંહભાઈ
રહે. રોઝા ટંકારીયા, તા.આમોદ,જી. ભરૂચ.

**<u>સીવીલ પરચુ. અરજી નં.૩૩/૨૦૧૮</u>**

અરજદાર :– (૧) ચંદુભાઈ હિંમતભાઈ
(૨) શનુભાઈ હિંમતભાઈ
તમામ રહે. રોઝા ટંકારીયા, તા.આમોદ,જી. ભરૂચ.

**<u>સીવીલ પરચુ. અરજી નં.૩૪/૨૦૧૮</u>**

અરજદાર :– (૧) ચંદુભાઈ મથુરભાઈ
(૨) યોગેશભાઈ મથુરભમાઈ
રહે. રોઝા ટંકારીયા, તા.આમોદ,જી. ભરૂચ.

**<u>સીવીલ પરચુ. અરજી નં.૩૫/૨૦૧૮</u>**

અરજદાર :– નહારસિંહ ચંદ્રસિંહ ડોડીયા
રાજેશ્વરી મંદિરના ટ્રસ્ટી વ.કર્તા
રહે. રોઝા ટંકારીયા, તા.આમોદ,જી. ભરૂચ.

....વિરૂધ્ધ....

સામાવાળા :– (૧) નાયબ કલેકટર અને સક્ષમ અધિકારી,
ઈન્ડીયન ઓઈલ કોર્પોરેશન લી.,
(૨) ઈન્ડીયન ઓઈલ કોર્પોરેશન, વડોદરા.
બંને ઠે. ૩–૧૨૨, ગુજરાત રીફાઈનરી ટાઉનશીપ,
જવાહરનગર, જી. વડોદરા–૩૯૧૩૨૦.

બાબત : <u>સી.પી.સી.ની કલમ–૧૪૫ ઓર્ડર–૪૭ રૂલ–૧ મુજબની રીવ્યુ અરજી.</u>

***************************************************
અરજદારો તરફે વિ.વકીલશ્રી એમ.એમ.પ્રજાપતિ
સામાવાળા નં. ૧ તરફે વિ. મુખ્ય સરકારી વકીલશ્રી પી.બી.પંડયા
સામાવાળા નં. ૨ તરફે વિ.વકીલશ્રી આર.એમ.શાહ
***************************************************

**–:: સં યુ ક ત ચુ કા દો ::–**

૧. સદરહું સીવીલ પરચુરણ (રીવ્યુ) અરજી નં. ૧/૨૦૧૮ થી ૩૫/૨૦૧૮ એક જ કોમન હુકમ સામે હોઈ તમામ રીવ્યુ અરજીઓ કોન્સોલીડેટ કરવાની અરજીના આધારે તમામ રીવ્યુ અરજીઓ નં. ૧/૨૦૧૮ થી ૩૫/૨૦૧૮ એકસાથે ચલાવવા હુકમ કરવામાં આવેલ હોઈ તમામ રીવ્યુ અરજીઓ નં.૧/૨૦૧૮ થી ૩૫/૨૦૧૮ સાથે સાંભળી આગળ ચલાવવામાં આવેલ છે અને તમામ અરજીઓનો હુકમ કોમન કરવામાં આવેલ છે.

૨. આ કામના અરજદારોએ સીવીલ પરચુરણ અરજી નં.૧૩૬/૨૦૦૭ થી ૧૭૦/૨૦૦૭ સુધીની દાખલ કરી મોજે રોઝા ટંકારીયાની સીમમની ખેતીની જમીન પૈકી આમોદથી કોયલી તા.વડોદરા સુધી ઈન્ડીયન પેટ્રોલીયમ કોર્પોરેશન લી. ધ્વારા તેલની હેરાફેરી કરવા પાઈપ લાઈન માટે વપરાશી હકક પ્રાપ્ત કરવામાં આવેલ જમીનના યોગ્ય અને વ્યાજબી વળતર માટે ધી પેટ્રોલીયમ એન્ડ મીનરલ વટોરની પાઈપ લાઈન જમીનમાં વપરાશી હકક સંપાદીત કરવા અધિનિયમ,૧૯૬૨ ની કલમ–૧૦ મુજબ વધુ વળતર તથા નુકશાની હિસાબ મેળવવા દાખલ કરેલ. તે અરજીઓના કામે ના.કોર્ટે તા.૦૯.૦૨.૨૦૧૮ ના રોજ

અરજદારોની અરજી અંશતઃ મંજુર  કરેલી. તે હુકમ સામે હાલની રીવ્યુ અરજીઓ દાખલ કરવામાં આવેલી છે.

૩. આ કામના અરજદારોની અરજીઓની ટુંકમાં હકીકત એવી છે કે, ના.એડીશનલ ડિસ્ટ્રીકટ જજ સાહેબે દિ.પ.અ.નં.૧૩૬/૨૦૦૭ થી ૧૭૦/૨૦૦૭ના કામમાં રજુ કરવામાં આવેલ લેખિત તેમજ મૌખિક દલીલોમાં આંક–૨૮ નો પુરાવો ૨૪ ઈંચની ઝરો ડબલ્યુ.ટી.પી. થી સી.પી.એફ. ગંધારનો પાઈપ લાઈનનો કરેલો એવોર્ડ રજુ કરવામાં આવેલ હતો. આ એવોર્ડ અંગે ના.સર્વોચ્ચ અદાલતે એ.આઈ.આર. ૧૯૭૬ (સુ.કો.) ૬૫૧ ના પેરા–૭ અન્વયે આંક–૨૮ ના એવોર્ડ આધારીત આ અરજીઓના કામે વળતર નકકી કરવા અંગેનું ના.કોર્ટને બાઈન્ડીંગ હોવા છતાં તા.૦૯.૦૨.૨૦૧૮ ના રોજ માનનીય એડીશનલ ડિસ્ટ્રીકટ જજ સાહેબે આવી બાઈન્ડીંગ ઓથોરીટીને ઈગ્નોર કરેલ હોય સી.પી.સી. ઓર્ડર–૪૭ રૂલ–૧ અન્વયે આ અરજીઓ રીવ્યુ કરવાને પાત્ર છે. ભરૂચના એડીશ્નલ ડિસ્ટ્રીકટ જજ સાહેબની એવી પવિત્ર ફરજ છે કે ના.સર્વોચ્ચ અદાલતના "ઓબીટર ડીકટા" તેમજ ના.સર્વોચ્ચ અદાલતના રૂલીગોને કોઈ પણ જાતની શંકા કર્યા વિના અનુસરવા. તેમ છતાં ના.એડીશનલ ડિસ્ટ્રીકટ જજ સાહેબે ના.સર્વોચ્ચ અદાલતની બાઈન્ડીંગ ઓથોરીટી એ.આઈ.આર. ૧૯૭૬ (સુ.કો.) ૬૫૧ આધારીત આંક–૨૮ નો એવોર્ડ રોઝા ટંકારીયા ગામનો જ હોવા છતાં જજમેન્ટના પેરા–૧૯ માં એવી શંકા કરી છે કે આંક–૨૮ ના એવોર્ડમાં પ્રતિ હેકટરે રૂપિયા નેવું લાખ જે કિંમત ગણી છે જે કોઈ પણ સંજોગોમાં ગણી શકાય નહી અને તે રકમ બજાર કિંમત હોય તેવું માનવાને કારણ નથી. આવી શંકા કરવાની છુટ ના.સર્વોચ્ચ અદાલતના સદરહું જજમેન્ટમાં આપતા નથી. ઉલટાનું ના.ગુજરાતની વડી અદાલતના જજમેન્ટ તેમજ ના.સર્વોચ્ચ અદાલતના જજમેન્ટો સ્થાપીત કરેલ સિધ્ધાંતો કોઈ પણ જાતની શંકા કર્યા વિના અનુસરવા આદેશ કરેલો છે અને જો તેમ કરવામાં ન આવે તો જે તે કોર્ટે ના.ગુજરાતની વડી અદાલતનો તેમજ ના.સર્વોચ્ચ અદાલતનો અનાદર કરેલો છે તેમ માનવાનું ઠરાવેલુ છે. જેથી ના.સર્વોચ્ચ અદાલતે સદરહું ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત

અનુસાર જમીન સંપાદન અધિકારી  એવોર્ડને એડમીશન ઓન બિહાફ ઓફ ધી સ્ટેટ માનવા જે સિધ્ધાંત પ્રસ્થાપિત કર્યો છે તેનાથી વિપરીત માનીને અરજીઓમાં જજમેન્ટ આપેલ હોઈ રીવ્યુ માટેનું યોગ્ય અને વ્યાજબી કારણ છે. ના.એડીશનલ ડિસ્ટ્રીકટ જજ સાહેબે આંક–૨૮ ના જાહેરનામા સમયે "પ્રતિ હેકટરે રૂા.૨,૧૭,૦૦૦/– બજાર કિંમત ગણવામાં આવે તો" તેવું કોઈ આધાર પુરાવા વિના અને નામ.સર્વોચ્ચ અદાલતના બાઈન્ડીગ ઓથોરીટીની અવહેલના કરીને ઓથોરીટીના પ્રસ્થાપિત સિધ્ધાંત પરત્વે શંકા કુશંકા ઉભુ કરેલ છે તેમજ કલમ–૧૦(૪) ન્યાયીક રીતે મુલવેલ નથી. જમીન ગુમાનવારની મિલકતને થતા નુકશાનને કોમ્પ્નસેટ કરવાનુ છે તેવી બાબતો પરત્વે અરજદારના બીનખેતીના અધિકારો નષ્ટ થતા હોય તેનું વળતર જમીનના ક્ષારો ઉપર આવવાથી થતુ નુકશાન જે ઈગ્નોર કરેલ છે તે અંગે પણ રીવ્યુ અરજીમાં વળતર મોડીફાય કરવાપાત્ર છે વિગેરે હકીકતો જણાવી તેઓની રીવ્યુ અરજીઓ મંજુર કરી એ.આઈ.આર. ૧૯૭૬ (સુ.કો.) ૬૫૧ ને અનુસરી તેમની અરજીઓમાં વળતર અંગેનો ચુકાદો મોડીફાઈ કરવા તેમજ કલમ–૧૦(૪) હેઠળની ડેમેજીસમાં પડતી નુકશાની અંગે પણ ચુકાદો મોડીફાય કરવા દાદ માંગેલ છે.

૪. આ કામના અરજદારોએ અરજીઓ દાખલ કરતા સદરહું રીવ્યુ અરજીઓ રજીસ્ટરે લઈ સામાવાળાઓને નોટીસ કાઢવામાં આવેલ છે. જે સામાવાળાઓને બજી જતા સામાવાળા નં. ૧ નાઓ વિ.ડી.જી.પી.શ્રી પી.બી.પંડયા તથા સામાવાળા નં. ૨ નાઓ વિ.વકીલશ્રી આર.એમ.શાહ મારફતે હાજર થયેલા છે.

૫. આ કામના સામાવાળા નં. ૧ તરફે કોઈ લેખિત જવાબ રજુ કરવામાં આવેલ નથી. આ કામે સામાવાળા નં.૨ તરફે વિ.વકીલશ્રીએ આંક–૮ થી લેખિત જવાબ રજુ કરેલ છે તેમાં મુખ્યત્વે જણાવેલ છે કે અરજદારોને રીવ્યુ અરજી કરવા માટેનું કોઈ કારણ  પ્રાપ્ત થતુ નથી. અરજદારોની હાલની રીવ્યુ અરજીઓ વળતર અરજીનો હુકમ મોડીફાય કરવા માટે આપેલી છે, જે કાયદાકીય રીતે આપી શકાય નહી. કોઈ પણ ચુકાદા/હુકમ સામે અપીલ કે રીવીઝન કરી શકાય નહી. સી.પી.સી. ઓર્ડર–૪૭ રૂલ–૧ મુજબ માત્ર ટાઈપીગ ભુલ કે કારકુની ભુલ હોય તેવા

સંજોગોમાં રીવ્યુ અરજી દાખલ કરી શકાય છે, પરંતુ ગુણદોષ ઉપર આપવામાં આવેલ ચુકાદાના ગુણદોષને ચેલેન્જ કરી શકાય નહી. વધુમાં સદરહું રીવ્યુ અરજીઓને સમય મર્યાદાના કાયદાનો પણ બાધ નડે છે. ટુંકમાં, અરજદારોની હાલની રીવ્યુ અરજીઓ ટકવાપાત્ર રહેતી ન હોઈ ખર્ચ સહિત રદ કરવા જણાવેલ છે.

૬. આ કામે અરજદારો તરફે વિ.વકીલશ્રી એમ.એમ.પ્રજાપતિને સાંભળ્યા. વધુમાં તેમણે રીવ્યુ અરજીઓના સમર્થનમાં આંક–૧૭ થી રજુ કરેલ લેખિત દલીલો વંચાણે લીધી. આ કામે સામાવાળા નં. ૧ તરફે વિ.ડી.જી.પી.શ્રી પી.બી.પંડયાને સાંભળ્યા તથા સામાવાળા નં. ૨ તરફે વિ.વકીલશ્રી આર.એમ.શાહને સાંભળ્યા તથા સામાવાળા નં. ૨ તરફે વિ.વકીલશ્રીએ રજુ કરેલ લેખિત જવાબની હકીકતોને દલીલ ગણવા જણાવેલ છે.

૭. આ કામે અરજીઓના આખરી નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

૧. શું અરજદારોની રીવ્યુ અરજીને સમય મર્યાદાનો બાધ નડે છે ?

૨. શું અરજદારોની રીવ્યુ અરજી મંજુર થવાને પાત્ર છે ?

૩. શું હુકમ ?

૮. આ કામે ઉપરોકત મુદ્દાઓના મારા તારણો નીચે મુજબ છે.

૧. હકારમાં.

૨. નકારમાં.

૩. આખરી હુકમ મુજબ.

**–: કા ર ણો :–**

**મુદ્દા નંબર : ૧ અને ૨ ની સંયુકત ચર્ચા :**

૯. આ કામે અરજદારો તરફે રજુ કરેલ આંક–૧૭ ની લેખિત દલીલમાં મુખ્યત્વે જણાવેલ છે કે હાલની અરજીઓને સમય મર્યાદાનો બાધ નડતો નથી તેમ છતાં જો સમય મર્યાદાનો બાધ નડતો હોવાનું માનવામાં આવે તો વિલંબ માફ કરવાની અરજી લેખિતમાં જ આપવી જોઈએ તેવી મેન્ડેટરી જોગવાઈ નથી

અને મૌખિક પણ આપી શકાય છે અને તે અંગેની હકીકત ના.વડી અદાલતની ડીવીઝન બેન્ચ તરફથી પટેલ પુરૂષોત્તમદાસ મોતીલાલ વિરૂધ્ધ પટેલ છોટાભાઈ મોતીભાઈ – ૧૯૭૮ લો–સ્યુટ (ગુજરાત) ૧૨૬ ના ચુકાદામાં ઠરાવેલ છે. આ કામે મીસ કન્સેપ્શન ઓફ લો થતા માત્ર ૪૯ દિવસનો વિલંબ થયેલ છે અને તે માફ કરવા માટેના પુરતા અને વ્યાજબી કારણો છે. વધુમાં ના.હાઈકોર્ટના ઠરાવ્યા મુજબ પાઈપ લાઈનના કેસોમાં કોર્ટ ફી માફ છે જેથી અરજદારોને કોર્ટ ફીની રકમ પણ પરત મળવાપાત્ર થાય છે. આ ઉપરાંત આ એવોર્ડ અંગે ના.સર્વોચ્ચ અદાલતે એ.આઈ.આર. ૧૯૭૬ (સુ.કો.) ૬૫૧ ના પેરા–૭ અન્વયે આંક–૨૮ ના એવોર્ડ આધારીત આ અરજીઓના કામે વળતર નકકી કરવા અંગેનું ના.કોર્ટને બાઈન્ડીગ હોવા છતાં તા.૦૯.૦૨.૨૦૧૮ ના રોજ માનનીય એડીશનલ ડિસ્ટ્રીકટ જજ સાહેબે આવી બાઈન્ડીગ ઓથોરીટીને ઈગ્નોર કરેલ હોય સી.પી.સી. ઓર્ડર–૪૭ રૂલ–૧ અન્વયે આ અરજીઓ રીવ્યુ કરવાને પાત્ર છે. ભરૂચના એડીશ્નલ ડિસ્ટ્રીકટ જજ સાહેબની એવી પવિત્ર ફરજ છે કે ના.સર્વોચ્ચ અદાલતના "ઓબીટર ડીકટા" તેમજ ના.સર્વોચ્ચ અદાલતના રૂલીંગોને કોઈ પણ જાતની શંકા કર્યા વિના અનુસરવા. તેમ છતાં ના.એડીશનલ ડિસ્ટ્રીકટ જજ સાહેબે ના.સર્વોચ્ચ અદાલતની બાઈન્ડીગ ઓથોરીટી એ.આઈ.આર. ૧૯૭૬ (સુ.કો.) ૬૫૧ આધારીત આંક–૨૮ નો એવોર્ડ રોઝા ટંકારીયા ગામનો જ હોવા છતાં જજમેન્ટના પેરા–૧૯ માં એવી શંકા કરી છે કે આંક–૨૮ ના એવોર્ડમાં પ્રતિ હેકટરે રૂપિયા નેવું લાખ જે કિંમત ગણી છે જે કોઈ પણ સંજોગોમાં ગણી શકાય નહી અને તે રકમ બજાર કિંમત હોય તેવું માનવાને કારણ નથી. વધુમાં અરજદારોના વિ.વકીલશ્રીએ પોતાની લેખિત દલીલોમાં નીચે જણાવ્યા મુજબના ના.ઉચ્ચ અદાલતોના ચુકાદાઓ ટાંકીને હાલની રીવ્યુ અરજીઓ મંજુર કરવા જણાવેલ છે.

(૧) ૧૯૭૮ લોસ્યુટ (ગુજરાત) ૧૨૬ – પટેલ પુરૂષોત્તમદાસ મોતીલાલ વિરૂધ્ધ પટેલ છોટાભાઈ મોતીભાઈ

(૨) ૨૦૧૫– લોસ્યુટ (ગુજરાત) ૧૫૩૭ – રાજ દિલવારસિંહ ચંદ્રસિંહ તે મહેન્દ્રસિંહના વારસો વિરૂધ્ધ ગેસ ઓથોરીટી ઓફ ઈન્ડિયા લી.

(૩) ૧૯૯૯ લોસ્યુટ (ગુજરાત) ૫૯૩ – ફુડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા વિરૂધ્ધ વિરમગામ નગરપાલીકા

(૪) ૧૯૭૬ લોસ્યુટ (સુ.કો.) ૪૩ – સ્ટેટ ઓફ મદ્રાસ વિરૂધ્ધ એ.એમ.મનજન

(૫) એ.આઈ.આર.૧૯૬૭ કલકત્તા ૫૧૮ – તિનકારી સેન અને બીજાઓ વિરૂધ્ધ દુલાલ ચંદ્રદાસ અને બીજાઓ

(૬) ૧૯૮૩ લોસ્યુટ (ગુજરાત) ૧૪૧ – સાબેરા ઈબ્રાહીમ હાજી રસુલ જુજારા વિરૂધ્ધ હુસેન અબ્દુલ મજીદ ખટુડા

(૭) ૨૦૦૫(૧) સીસીસી ૧૫૫ (સુ.કો.) – બોર્ડ ઓફ કંટ્રોલ ફોર ક્રિકેટ, ઈન્ડિયા વિરૂધ્ધ નેતાજી ક્રિકેટ કલબ અને બીજાઓ

૧૦. આ કામે સામાવાળા નં. ૧ તરફે વિ.વકીલશ્રી પી.બી.પંડયાની દલીલ છે કે અરજદારોની રીવ્યુ અરજીઓને સમય મર્યાદાનો બાધ નડે છે. અરજદારોને ના.કોર્ટે પસાર કરેલ તા.૦૯.૦૨.૦૧૮ ના હુકમની નકલ તા.૨૩.૦૩.૨૦૧૮ ના રોજ મળી ગયેલ છે અને આ કામના અરજદારોએ હાલની અરજીઓ તા.૧૧.૦૬.૨૦૧૮ ના રોજ દાખલ કરેલ છે. લીમીટેશન એકટની જોગવાઈ મુજબ હુકમ થયા તારીખથી દિન–૩૦ માં અરજીઓ દાખલ કરવી જોઈએ. આ કામના અરજદારોને હુકમની નકલ તા.૨૩.૦૩.૨૦૧૮ ના રોજ મળેલ છે. જેથી હાલની અરજીઓ તા.૨૩.૦૪.૨૦૧૮ પહેલા દાખલ કરવી જોઈએ, તેના બદલે તા.૧૧.૦૬.૨૦૧૮ ના રોજ દાખલ કરેલ છે. વધુમાં વિલંબ માફ કરવા માટે કોઈ અરજી દાખલ કરવામાં આવેલી નથી. વધુમાં અરજીમાં જણાવેલ છે કે અરજદારો તરફે આંક–૧૬ થી વિલંબ માફ કરવા દલીલના તબકકે અરજી આપેલ છે તેમાં જણાવેલ કારણોસર ગ્રાહય રાખી શકાય નહી. અરજદારો તરફે રજુ કરેલા કાનુની ચુકાદાઓ હાલના કેસની હકીકતોને સુસંગત ન હોઈ માની શકાય તેમ નથી. વધુમાં દલીલમાં જણાવેલ છે કે ના.કોર્ટના હુકમ સામે અરજદારોએ કોઈ અપીલ

હાયર ફોરમમાં દાખલ કરેલ નથી  અને અત્રેની અદાલતમાં રીવ્યુ અરજીઓ દાખલ કરેલી છે. તેઓ ચુકાદાઓ સાથે સંમત ન હોઈ તેવા કારણોસર રીવ્યુ કરેલ છે તે ચાલી શકે નહી.

૧૧. આ કામે બંને પક્ષકારો તરફેની રજુઆત અને તેમાં પણ ખાસ કરીને અરજદાર પક્ષની રજુઆતો અને તેઓ ધ્વારા ટાંકવામાં આવેલા ચુકાદાઓના પ્રસ્થાપિત સિધ્ધાંતો લક્ષમાં લેતાં સી.પી.સી. ઓર્ડર ૪૭ રૂલ–૧ અન્વયે રીવ્યુનો સ્કોપ ખુબજ સીમિત અને મર્યાદીત છે. અરજદાર તરફે રજુ કરવામાં આવેલ ૧૯૭૮ લોસ્યુટ (ગુજરાત) ૧૨૬ ના ચુકાદામાં ઠરાવ્યા મુજબ વિલંબ માફ કરવા માટેની અરજી લેખિતમાં જ હોવી જોઈએ તે આદેશાત્મક નથી. અત્રેની અદાલતે પણ અરજદાર તરફેની વિલંબ માફ કરવાની મૌખિક રજુઆત અને ત્યારપછીની આંક–૧૬ ની વિલંબ માફની અરજી ધ્યાને લીધેલ છે. અરજદાર તરફે રજુ કરવામાં આવેલ રાજ દિલાવરસિંહ ચંદ્રસિંહ તે મહેન્દ્રસિંહના વારસો વિરૂધ્ધ ગેસ ઓથોરીટી ઓફ ઈન્ડિયા લી.ના ચુકાદામાં ઠરાવેલ છે કે પેટ્રોલીયમ અને મીનરલ્સ પાઈપલાઈન્સ (એકવીઝીશન ઓફ રાઈટ ઓફ યુઝર ઈન લેન્ડ) એકટ,૧૯૬૨ ની અરજીમાં રાજય સરકારને કોઈ ચાર્જ કરવાનો અધિકાર નથી. જે હકીકત પણ આ અદાલતે ધ્યાને લીધી. અરજદાર તરફે રજુ કરવામાં આવેલ ફુડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા વિરૂધ્ધ વિરમગામ નગરપાલીકાના ચુકાદામાં ઠરાવેલ છે કે ના.સર્વોચ્ચ અદાલતનો ઓબીટર ડીકટા–હુકમ માનવા ભારતભરની કોર્ટો બંધાયેલ છે તેમજ માનનીય ફુલ બેન્ચના નિર્ણયો ડીવીઝન બેન્ચ કે સીગલ કોર્ટ જજશ્રીઓ પણ માનવા બંધાયેલ છે. આ અદાલત પણા ના.ઉચ્ચ અદાલતોના ચુકાદાઓમાં પ્રસ્થાપિત થયેલા સિધ્ધાંતો માનવા અને અનુસરવા માટે બંધાયેલ છે તે હકીકત સહર્ષ સ્વીકારે છે અને સ્વીકારતી આવેલ છે. જો અરજદારના વિ.વકીલશ્રી એવું માનતા હોય કે જે તે વખતના વિ.એડીશનલ ડિસ્ટ્રીકટ જજ સાહેબે ના.ઉચ્ચ અદાલતનો નિર્ણય સ્વીકારેલ નથી તો અરજદારના વકીલશ્રી તે હુકમ સામે અપીલ કરી શકે છે, પરંતુ તે હુકમ સામે રીવ્યુ થઈ શકે તેમ નથી તેવું આ અદાલતનું માનવું છે. અરજદાર તરફે સ્ટેટ ઓફ મદ્રાસ વિરૂધ્ધ એ.એમ.

નનજનના ચુકાદામાં ઠરાવેલ છે કે Market Value of land - Award of Collector - The award made in respect of similar land can be considered for the purpose of determining the compensation. સદરહું ચુકાદામાં ના.સુપ્રિમ કોર્ટે ઉપરોકત હકીકતો તેમજ અન્ય જે હકીકતો ઠરાવેલ છે તે રીવ્યુ અરજીના તબકકે ધ્યાને લઈ શકાય નહી તેવું અદાલતનું માનવું છે. અરજદાર તરફે રજુ કરવામાં આવેલ તીનકારી સેન અને બીજાઓ વિરૂધ્ધ દુલાલ ચંદ્ર દાસ અને બીજાઓના ચુકાદામાં રીવ્યુ/રીકન્સીડ્રેશન અરજી સંબંધેના સિધ્ધાંતો પ્રસ્થાપિત કરવામાં આવેલા છે. પરંતુ અરજદારો તરફે હાલની અરજીઓ જે હુકમ સામે કરવામાં આવેલી છે તેમાં કોઈ on the face of record કોઈ ભુલ, કારકુની ભુલ કે ટાઈપીંગ ભુલ થયેલી હોવાનું જણાતી નથી. અરજદાર તરફે રજુ થયેલ સાબેરા ઈબ્રાહીમ હાજી રસુલ જુજેરા વિરૂધ્ધ હુસેન અબ્દુલ મજીદ ખટુડાના ચુકાદામાં ઠરાવ્યા મુજબ ના.સર્વોચ્ચ અદાલતના ચુકાદાઓના સિધ્ધાંતોને નીચેની અદાલતો ધ્વારા અનુસરવાનું મુનાસીબ ન ગણવાથી ઉપલી અદાલતોના ચુકાદાઓની અવહેલના થાય છે. સદરહું પ્રસ્થાપિત કરવામાં આવેલ સિધ્ધાંતને આ અદાલત પણ સહર્ષ સ્વીકારે છે અને તેનું પાલન કરતા આવેલ છે. પરંતુ ઉપરોકત જણાવ્યા મુજબ જો અરજદારોના વિ.વકીલશ્રીને એવું માનતા હોય કે જે તે વખતના વિ.એડીશનલ ડિસ્ટ્રીકટ જજ સાહેબે ના.ઉચ્ચ અદાલતોના પ્રસ્થાપિત સિધ્ધાંતોને અનુસરવામાં ચુક થયેલ છે તો તેઓ તેની સામે ના.ઉચ્ચ અદાલતમાં અપીલ કરી શકે છે, પરંતુ તેની સામે રીવ્યુ અરજી દાખલ થઈ શકે નહી તેવું અમારૂ નમ્રપણે માનવું છે. આ ઉપરાંત ના.ઉચ્ચ અદાલતનો <u>૨૦૦૩(૧) જી.એલ.એચ. ૫૭૧</u>– રાજેન્દ્રકુમાર અને બીજાઓ વિ. રામભાઈ અને બીજાઓવાળો ચુકાદો લક્ષમાં લેતાં ફલિત થાય છે કે જયારે રેકર્ડ ઉપર દેખીતી ભુલ હોય તો જ રીવ્યુ અરજી ધ્યાને લઈ શકાય. અરજદારોની વળતર અરજીઓના કેસમાં દેખીતી રીતે રેકર્ડ ઉપરની ક્ષતિ માલુમ પડતી હોય તેવું દર્શાઈ આવતું નથી. જે તે વખતના વિ.એડીશનલ ડિસ્ટ્રીકટ જજ સાહેબનો

તા.૦૯.૦૨.૨૦૧૮ ના રોજનો ચુકાદો લક્ષમાં લેતાં તેઓએ રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવાનું વિશ્લેષણ કરીને તેઓને મળેલી વિવેક બુધ્ધિ વાપરવાની સત્તાનો ઉપયોગ કરીને ગુણદોષ ઉપર જાહેર કરેલો છે. જેથી તેમાં હસ્તક્ષેપ કરવાની સત્તા આ અદાલતને નથી. આમ, જે તે વખતે અરજદારોની વળતર અરજીઓ, બંને પક્ષની રજુઆતો, રેકર્ડ ઉપરનો દસ્તાવેજી પુરાવો અને મૌખિક પુરાવો લક્ષમાં લઈ ચુકાદો આપવામાં આવેલો છે અને તેમાં રેકર્ડ ઉપરની કોઈ દેખીતી ભુલ દર્શાઈ આવતી નથી. પરિણામે આ ચુકાદો અરજદારપક્ષ જણાવે છે તે રીતે રીવ્યુને પાત્ર હોય તેવું માલુમ નહી પડતા, મૂળ હુકમમાં હસ્તક્ષેપ વ્યાજબી જણાતો નથી. આ ઉપરાંત ના.ગુજરાત હાઈકોર્ટે દોલત ઈન્ડસ્ટ્રીઝ વિ. કૃષ્ણા ઓઈલ ઈન્ડસ્ટ્રીઝ અને બીજાઓ **૨૦૦૨(૨) જી.એલ.આર. ૨૮૩૬** વાળા ચુકાદામાં રીવ્યુના સ્કોપ અંગે નીચે મુજબના અવલોકનો કરેલા છે. It is well settled that the scope of the review is limited. Though it is vehemently urged that the right of the plaintiff which is prejudiced is sought to be placed before this Court in this review application and no second innings has been initiated, but it is apparent that what is rejected by the Court on merits is being attempted to be decided again. Secondly, the review sought for is not permissible within the ambit and scope of Sec. 114 or Order 47 of the Civil Procedure Code, simply because something what is decided on merits sought to be decided again. Secondly, if we peruse the judgment for which this review application is preferred in favour of the plaintiff to grant any interim relief. At that stage, the evidence on record was taken into consideration. If any error is committed, the judgment or observation may be subject to

appeal to the Higher forum, but not to subject to the review jurisdiction. આ રીતે રીવ્યુનો સ્કોપ ઘણો સીમીત અને મર્યાદીત હોવાથી અરજદારે ઉપસ્થિત કરેલ તકરાર સ્વીકારી શકાય તેવી નથી. વાદગ્રસ્ત ચુકાદો જોતાં on the face of record કોઈ ભુલ હોય તેવું જણાતું નથી. આથી અરજદાર જે તે વખતે આ ચુકાદા વિરૂધ્ધ ઉચ્ચ અદાલતમાં અપીલ કરી પોતાનો ગ્રીવેન્સ વ્યકત કરી શકેલ હોત. પરંતુ અરજદારે તે વિકલ્પ પસંદ કરવાના બદલે હાલની રીવ્યુ અરજી કરી આ કોર્ટનો હુકમ આજ કોર્ટના હાથે રીવર્સ થાય તેવી પ્રક્રિયા અનુસરતા અરજદારની હાલની રીવ્યુ ગ્રાહય રાખી શકાય તેમ નથી.

૧૧.૧ વધુમાં રેકર્ડ જોતાં સીવીલ પરચુરણ અરજીઓ નં.૧૩૬/૨૦૦૭ થી ૧૭/૨૦૦૭ ના કામે તા.૦૯.૦૨.૨૦૧૮ ના રોજ સંયુકત ચુકાદો જાહેર કરવામાં આવેલો છે. જે ચુકાદા/હુકમની નકલ મેળવવા તે જ દિવસે તા.૦૯.૦૨.૨૦૧૮ ના રોજ અરજી આપવામાં આવેલી અને તેની નકલ અરજદારોના વકીલશ્રીને તા.૨૩.૦૩.૨૦૧૮ ના રોજ મળી ગયેલ છે. જયારે આ કામના અરજદારો તરફે હાલની અરજીઓ તા.૧૧.૦૬.૨૦૧૮ ના રોજ દાખલ કરેલ છે. લીમીટેશન એકટની જોગવાઈ મુજબ હુકમ થયા તારીખથી દિન–૩૦ માં અરજીઓ દાખલ કરવી જોઈએ. એટલે કે આ કામના અરજદારોને હુકમ ની નકલ તા.૨૩.૦૩.૨૦૧૮ ના રોજ મળેલ હોઈ હાલની અરજીઓ તા.૨૩.૦૪.૨૦૧૮ પહેલા દાખલ કરવી જોઈએ, તેના બદલે તા.૧૧.૦૬.૨૦૧૮ ના રોજ દાખલ કરેલ છે. તેમ છતાં આંક–૧ ની અરજીમાં વિલંબ માફ કરવા માટે કોઈ દાદ માંગવામાં આવેલી નથી કે અલગથી પણ વિલંબ માફ કરવાની કોઈ અરજી આપવામાં આવેલી નહી. ત્યારબાદ સામાવાળાઓ તરફે સમય મર્યાદાનો બાધ નડતો હોવાની તકરાર ઉપસ્થિત કરતા અરજદારોના વિ.વકીલશ્રીએ મૌખિકમાં વિલંબ માફ કરવાની દાદ માંગેલી અને આંક–૧૬ થી વિલંબ માફ કરવા માટેની અરજી આપી પેરા–૩ માં એવી રજુઆત કરેલ છે કે રીફંડ ઓર્ડસ મુજબની કાઉન્ટર સીગ્નેચર થઈ આવતા રીફંડ ઓર્ડર્સ મુજબના

ચેક મેળવવાની કામગીરીના ભાગરૂપે તા.૦૩.૦૬.૨૦૧૮ ના રોજ માનનીય એડીશનલ ડિસ્ટ્રીકટ જજ સાહેબ સમક્ષ અસલ કાઉન્ટર સીગ્નેચર કરાવેલ રીફંડ ઓર્ડસ ચેક મેળવવા માટે રજુ કરેલ હતા અને આ રીતે રીફંડ ઓર્ડર ફેબ્રુઆરી માસના હોઈ છ માસમાં હુકમો ટાઈમ બાર્ડ થતા હોવાથી તા.૨૩.૦૩.૨૦૧૮ ના રોજ સર્ટીફાઈડ નકલો મળતા આ કામગીરીમાં સમય જવાના કારણે નિયત સમય મર્યાદામાં રીવ્યુ અરજીઓ દાખલ કરી શકેલા નહી. પરંતુ અરજદારો તરફે હાલની રીવ્યુ અરજીઓ તા.૦૯.૦૨.૨૦૧૮ ના રોજ આપવામાં આવેલ હુકમના અનુસંધાનમાં આપવામાં આવેલી છે અને તેને રીફંડ ઓર્ડર અંગે કાઈ લાગતુ વળગતુ નથી. જેથી અરજદારોના વિ.વકીલશ્રીએ વિલંબ અંગેનું જે કારણ જણાવેલ છે તે કારણ વિલંબ માફ કરવા માટેનું પુરતુ અને વ્યાજબી કારણ નથી.

૧૨. ઉપરોકત સંજોગોમાં અરજદારોની રીવ્યુ અરજીને સમય મર્યાદાના કાયદાનો બાધ નડતો હોઈ તેમજ વાદગ્રસ્ત ચુકાદામાં on the face of record કોઈ ભુલ, કારકુની ભુલ કે ટાઈપીંગ ભુલ થયેલી હોવાનું જણાતુ ન હોઈ, અરજદારો રીવ્યુ અરજીની હકીકતો પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલા હોવાનું માની **મુદ્દા નં. ૧ 'હકારમાં' અને મુદ્દા નં. ૨ 'નકારમાં'** ઠરાવી મુદ્દા નં. ૩ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**—:: હુ ક મ ::—**

૧.. અરજદારોની સીવીલ પરચુરણ (રીવ્યુ) અરજી નં. ૧/૨૦૧૮ થી ૩૫/૨૦૧૮ સુધીની આથી નામંજુર કરવામાં આવે છે.

૨.. ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

હુકમ આજ **તારીખ ૩૦મી માહે નવેમ્બર સને ૨૦૨૨** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૩૦.૧૧.૨૦૨૨
સ્થળ : ભરૂચ

**( અશોકકુમાર કનૈયાલાલ રાવ )**
એડીશનલ ડિસ્ટ્રીકટ જજ, ભરૂચ
જજ કોડ—જીજે ૦૦૪૪૭